## આમોદ ના મહેરબાન **પ્રીન્સીપાલ** સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં

**મુકામ આમોદ**

**રે.મુ.નંબર ૮૫/૨૦૧૫**

| વાદી | ઉ.વ. | ધંધો | રહેવાસી. |
|---|---|---|---|
| (૧)કાશીબેન દોલતસંગ ઠાકોર | પુખ્ત | ઘરકામ | મુ.વાસણા તા.આમોદ, જી.ભરુચ. |
| (૨)ફતેસંગ દોલતસંગ ઠાકોર | પુખ્ત | ખેતી | મુ.વાસણા તા.આમોદ, જી.ભરુચ. |
| (૩)છત્રસંગ દોલતસંગ ઠાકોર | પુખ્ત | ખેતી | મુ.વાસણા તા.આમોદ, જી.ભરુચ. |
| (૪)મહેન્દ્ર દોલતસંગ ઠાકોર | પુખ્ત | ખેતી | મુ.વાસણા તા.આમોદ, જી.ભરુચ. |
| (૫)સવિતાબેન દોલતસંગ ઠાકોર | પુખ્ત | ખેતી | મુ.વાસણા તા.આમોદ, જી.ભરુચ. |
| (૬)લલીતાબેન દોલતસંગ ઠાકોર | પુખ્ત | ખેતી | મુ.વાસણા તા.આમોદ, જી.ભરુચ. |
| (૭)જયાબેન દોલતસંગ ઠાકોર | પુખ્ત | ખેતી | મુ.વાસણા |

| | | | |
|---|---|---|---|
| | | | તા.આમોદ,<br>જી.ભરુચ. |
| (૮)નગીનભાઇ અંબાલાલ | પુખ્ત | ખેતી | મુ.વાસણા<br>તા.આમોદ,<br>જી.ભરુચ. |
| (૯)પ્રવિણભાઇ અંબાલાલ | પુખ્ત | ખેતી | મુ.વાસણા<br>તા.આમોદ,<br>જી.ભરુચ. |
| (૧૦)મહેન્દ્રસિંહ નટવરસિંહ વાઘેલા | પુખ્ત | ખેતી | મુ.વાસણા<br>તા.આમોદ,<br>જી.ભરુચ. |
| (૧૧)મનીશાબેન નટવરસિંહ વાઘેલા | પુખ્ત | ખેતી | મુ.વાસણા<br>તા.આમોદ,<br>જી.ભરુચ. |
| (૧૨)નર્મદાબેન જગદીશભાઇ | પુખ્ત | ખેતી | મુ.વાસણા<br>તા.આમોદ,<br>જી.ભરુચ. |
| (૧૩)અજયભાઇ જગદીશભાઇ | પુખ્ત | ખેતી | મુ.વાસણા<br>તા.આમોદ,<br>જી.ભરુચ. |
| (૧૪)હેતલબેન જગદીશભાઇ | પુખ્ત | ખેતી | મુ.વાસણા<br>તા.આમોદ, |

જી.ભરુચ.વિરુધ્ધ

<u>પ્રતિવાદી</u>

| | | | |
|---|---|---|---|
| (૧)ભરતભાઇ મણીભાઇ | પુખ્ત | ખેતી | મુ.મંજોલા, |

તા.આમોદ,
જી.ભરુચ.

| | | | |
|---|---|---|---|
| (૨)કનુભાઇ મણીભાઇ | પુખ્ત | ખેતી | મુ.મંજોલા,<br>તા.આમોદ,<br>જી.ભરુચ. |

વાદી તર્ફે વી.વ.શ્રી એન.વી.પરમાર
પ્રતિવાદીતર્ફે વી.વ.શ્રીએમ.એમ.શાહ

આંક ૫ લગતહુકમ

વાદીની આંક ૫ ની અરજી ની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીયોએ હાલની અરજી દાવો ચાલતા દરમ્યાનનો કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે અરજી ની ટુંકમાં હકીકત એવી છે કે,

(૧)મોજે ગામ વાસણા ખાતા નં.૭૬,બ્લોક નંબર ૪૨૭, ની ક્ષેત્રફળ ૦-૯૪-૦૯ આકાર ૯.૪૪ જમીજ આવેલ છે જેની ચતુર્દિશા નીચે મુજબ છે.

પુર્વેઃ - હરીભાઇ શનાભાઇ વસાવાનુ ખેતર આવેલ છે.

પશ્ચિમેઃ - નવીનભાઇ ગોરધનનુ ખેતર આવેલ છે.

ઉત્તરેઃ - M.P.વાળાનુ ખેતર આવેલ છે.

દક્ષિણેઃ - ઠાકોરભાઇ વિઠ્ઠલભાઈનુ ખેતર આવેલ છે.

(૨)પેરા નં.૧ મા જણાવેલી જમીન મારા પિતાની વડીલોપાર્જીત થી મળી આવેલ છે અને અમારા પિતા મૈયત થતા સદર જમીન અમોને વારસાઇ હકકે મળેલ છે. તેમ છતા બાજુના નં.૪૨૮ ના પ્રતિવાદી ભરતભાઇ મણીભાઇ તથા કનુભાઇ મણીભાઇ ઠાકોર અમો વાદીની જમીનના બ્લોક નં.મા ઘુસી જવાની ધમકી આપ્યા કરે છે અને સદર જમીન ખેડી લઇશ તેમ જણાવતા હતા સદર જમીનની માલીકી કબજો ભોગવટો અમો વાદીનો છે દર વર્ષે અમો વાદી પાક લઇએ છીએ ચાલુ સાલે પણ અમો વાદીએ કપાસનો પાક લીધેલો છે અને ખેતરની સાફસુફી કરી તૈયાર કરેલો છે ચોમાસાની સીઝન વાર છે અને દર વર્ષે મહેસુલ વેરો અમો ભરીએ છીએ અને સદર જમીન સ્વતંત્ર

માલિકી કબજા ભોગવટાની અમો વાદીની છે.

(૩)પ્રતિવાદીને આ જમીન સાથે કોઇ જ લેવા દેવા નથી કે તેઓનો કોઇ જ કબજો નથી તેમ છતા તેઓનો ઇરાદો દાદાગીરીથી ખેતર કબ્જે કરી લેવાનો છે તેમ કરવા તેઓને કોઇ જ અધિકાર નથી પ્રતિવાદી હમારા ખેતરમા બાજુમા હોવાથી હદ નિશાન તોડી બોર્ડર ઉપરથી હમારી જમીનમા ઘુસી જવુ છે તેમ કરવા તેમને કોઇ અધિકાર નથી અને છેલ્લા બે દિવસ ઉપર તા.૨૫/૬/૨૦૧૫ થી પ્રતિવાદી ખેતર કબજે કરી લેવાની ધમકીઓ આપે છે અને ખેતર કબજે કરી લેવા માંગે છે પરંતુ પ્રતિવાદી તેઓની બુરી નેમમા ફાવી શકેલા નથી જો પ્રતિવાદી તેઓની બુરી નેમમા ફાવી જાય તો અમો વાદીને ઘણુ જ અનિવાર્ય નુકસાન થવા સંભવ છે જેનો બદલો પૈસામા મળી શકે તેમ નથી. અમો વાદીનો પ્રાયમાફેસી કેસ છે બેલેન્સ ઓફ કન્વીયન્સ અમો વાદીના લાભમા છે જેથી દરમ્યાન મનાઇ હુકમ મેળવવા હાલની અરજી કરેલી છે.

(૪)અરજીનુ કારણેઃ – બે દિવસ ઉપર તા.૨૫/૬/૨૦૧૫ ના રોજ પ્રતિવાદીએ ખેતર કબજો કરી લેવાની ધમકી આપી ત્યારથી નામદાર કોર્ટની હકુમતમા ઉત્પન્ન થયુ છે. તેવુ જણાવેલ છે.

આ અરજી કરી વાદીયોએ એવી દાદ માંગેલ છે કે,

**દાદ:**

(૧)ઉપર જણાવેલ વિગત મોજે વાસણાના ખાતા નં.૭૬, બ્લોક નં.૪૨૭ ક્ષેત્રફળ ૦–૯૪–૦૯ આકાર ૯.૪૪ ના અમો વાદીના કબજા ભોગવટામા પ્રતિવાદી જાતે અગર તેના ઘરના માણસો કે એજન્ટો મારફતે કઇ દખલ અંતરાય કરે કરાવે નહી કે દાદાગીરીથી કબજો લે લેવડાવે નહી કે અમોને અમારી જમીનના કબજામાથી દુર કરે કરાવે નહી અમોને વ્યાજબી વાપર ઉપભોગ કરતા અટકાવ કરે કરાવે નહી તેવો મનાઇ હુકમ ફરમાવશોજી.

(૨)આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

(૩) નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવો બીજો હુકમ ફરમાવશોજી.

**તેવી દાદ માંગેલ છે.**

**વાદીયોએ સદર અરજી દાખલ કરતા અરજન્ટ કારણ દર્શક નોટીસ પ્રતીવાદીયોને કાઢવામાં આવેલ છે જે બજી જતા પ્રતીવાદીતેમના વીદ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક ૧૧ થી વાદીની દાવાઅરજી અને કામચલાઉ મનાઇ હુકની અરજીનો સંયુક્ત જવાબ આપેલ છે જે નીચે મુજબનો જવાબ આપેલ છે.**

"વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વિરુદ્દઘ અમો પ્રતિવાદી નં.૧,૨ નો લેખિત જવાબ નીચે મુજબ છે.

(૧)વાદીના પેરા નં.૧ મા સીપીસી ઓર્ડર ૨૯ રુલ ૧,૨ મુજબ કામચલાઉ મનાઇ હુકમની અરજ ખોટી કરેલી છે. જે ચાલવાપાત્ર નથી. જે અમો પ્રતિવાદી નં.૧,૨ ને કબુલ મંજુર નથી. પેરા–૧ ની હકીકત ખરી નથી. જેમા દિશા જણાવેલી છે. જે ખોટી છે જેમા ઉત્તર બાજુ એમ.પી.વાળાનુ ખેતર આવેલ નથી.

(૨)વાદીના પેરા–૨ માની હકીકત ખોટી છે. જે વાદીની હકીકત સાચી નથી. જે અમો પ્રતિવાદી નં.૧,૨ ને કબુલ મંજુર નથી. જે સદર આક્ષેપો ખોટા છે. જે ચાલવાપાત્ર નથી. પેરા–૨ મા જે જમીન વારસાઇથી મળેલ છે.જે વાદીએ સદર જમીન એમ.પી.વાળાને તથા સેજલબેનને વેચી દીધી છે. પરંતુ ટુકડા ધારાની જમીનના કારણસર સદર જમીનનો દસ્તાવેજ થઇ શકયો નથી. આમ વાદીની જમીનનુ ફકત ગામ નમુના નં.૭/૧૨ મા નામ બોલે છે. ત્યારબાદ વાદી નં.૪ ને સદર જમીન બાબતે કોઇ જમીન ખેડવા માટે રહી નથી. જેથી બોર્ડર પર અમો પ્રતિવાદી નં.૧,૨ ની જમીન જેનો બ્લોક નં.૪૨૮ જેનો ક્ષેત્રફળ ૧.૦૦.૬ ની જમીન ઉપર દાનત બગડેલી છે અને અમો પ્રતિવાદી નં.૧,૨ ની જમીન ઉપર તા.૨૪/૮/૨૦૧૫ ના રોજ રેગ્યુલર મુકદમા નં.૭૮/૨૦૧૫ આંક–૫ ઉપર મનાઇ અરજી મંજુર કરેલી છે. જેના આધારે વાદીઓ અમો પ્રતિવાદી નં.૧,૨ ના ખેતરમા પ્રવેશ કરે નહી. જેથી જેના કારણે વાદી ખોટી રીતના આવી હાલની મનાઇ અરજી દાખલ કરી છે. હાલ સદર જમીનો સજલબેન તથા એમ.પી.ના આદિવાસીઓ સદર જમીન ખેડે છે. વાદી ખોટી હકીકત લાવી દાવો કરેલો છે. પેરા–૨ ની વાદીની હકીકત ખોટી છે. જેથી વાદીની મનાઇ હુકમની તથા દાવાની અરજી રદ કરશોજી.

(૩)પેરા–૩ મા જે વાદીએ જણાવેલી તમામ હકીકત ખોટી છે. વાદીની તરફેણમા કોઇ ન્યાયની સમતુલા નથી. જે ચાલવાપાત્ર નથી. પેરા ૩ મા જે જમીનની વાત કરે છે તે ખોટી છે. વાદીએ સદર જમીન તેમની વેચાણ કરેલ છે. જે સેજલબેન તથા એમ.પી.ના આદિવાસીઓ ખેડે છે. અને અમો પ્રતિવાદી નં.૧,૨ ની જમીનમા ઉત્તરે દક્ષિણે બોર્ડર ઉપર ઘુસ મારી અમો પ્રતિવાદી નં.૧,૨ ની જમીનમા ખેતી કરવી છે અને અમો પ્રતિવાદી નં.૧,૨ તથા લલીતાબેન મારી માતા તથા લક્ષ્મીબેન,જયોત્સનાબેન,ગીતાબેનની સંયુકત સહ કબજાની જમીનમા ઘુસી જવુ છે. કારણકે અમો પ્રતિવાદી નં.૧,૨ તથા અમારા કુટુંબના બધા જમીનથી બીજા ગામ મંજુલા મુકામે રહીએ છીએ અને પ્રતિવાદી તરીકે ફકત ૧ અને ૨ નો ઉલ્લેખ કરેલ છે જેમા મારી માતા લલિતાબેન તથા બેન લક્ષ્મીબેનનો ઉલ્લેખ કરેલ નથી. જેમા પક્ષકારની ખામીનો બાંધ નડે છે. અમો પ્રતિવાદી નં.૧,૨ ની તરફેણમા ન્યાયની સમતુલા છે. વાદી ખોટા આક્ષેપો કરે છે. જે આક્ષેપ ચાલવાપાત્ર નથી. પેરા–૩ ના વાદીના તમામ આક્ષેપો ખોટા છે. વાદીનો સદર જમીનમા કોઇ હકક હીસ્સો સમાયેલો નથી. કે જાતે ખેડતા નથી કે ઉપજ લેતા નથી. આગળ વાદી પેરામા જણાવે છે કે વાદીના હકક હીસ્સાની જમીન પચાવી પાડીને અન્ય ઇસમને વેચાણ કરી દીધેલ છે. જે વાદીની હકીકત ખોટી છે. જે અમો પ્રતિવાદી નં.૧,૨ ને કબુલ મંજુર નથી અને વાદીએ ખોટી અરજી કરેલ છે. જેથી વાદીને કોઇ મનાઇ હુકમ મળી શકે તેમ નથી.

(૪)સદર વાદીના પેરા–૪ ની તમામ હકીકત ખોટી છે. જે ચાલવાપાત્ર નથી અમો પ્રતિવાદી નં.૧,૨ નો ઉભો પાક તુવેરના છોડને ટ્રેકટર મારી કાપી નાખેલ છે. અને બગાડ કરેલ છે. જે અંગે આમોદ પોલીસ સ્ટેશનમા બે વખત અરજી આપેલ છે. અને વાદી નં.૪ સામે અટકાયતી પગલા ભરેલ છે. આમ પેરા–૩ ની વાદીની હકીકત ખોટી છે. જે અમો પ્રતિવાદી નં.૧,૨ ને કબુલ મંજુર નથી. જેમા પ્રતિવાદી તરીકે ફકત ૧ અને ૨ જે જોડેલા છે. અને સદર જમીનના નમુના નં.૭/૧૨ મા ઘણા નામ છે. જેમા બધા નામ પ્રતિવાદી તરીકે જોડેલા નથી. આમ પક્ષકારની ખામી નડે છે. જેથી ઉતાવળમા આવી વાદીએ મનાઇ અરજી ખોટી કરેલી છે. અને વાદી નં.૩ દારુ પીવાની ટેવ ધરાવતા હોઇ જેથી બીજાની પ્રતિવાદીની જમીનમા ઘુસી જવુ છે તેમ

કરવા તેમને અધિકાર નથી. જે વાદીની હકીકત ખોટી છે. જે અમો પ્રતિવાદી નં.૧,૨ ને કબુલ મંજુર નથી. જે અરજ ચાલી શકે તેમ નથી.

(૫)પેરામા–૩,૪ ની તમામ હકીકત ખોટી છે. જે ચાલવાપાત્ર નથી. કોઇ તારીખ–૨૫/૬/૨૦૧૫ ના રોજ પ્રતિવાદી નં.૧,૨ ના એ ધમકી આપી નથી. પરંતુ અમો પ્રતિવાદી નં.૧,૨ ને તારીખ–૧૫/૪/૨૦૧૫ ના રોજ ધમકી આપેલી. જેના આધારે મનાઇ અરજી આપ નામદાર કોર્ટમા રે.મુ.નં.૭૮/૨૦૧૫ થી દાખલ કરી છે. જે મંજુર થયેલી છે. જેની રીસ રાખી મનાઇ અરજી દાખલ કરી છે. જે ખોટી છે. જે ચાલવાપાત્ર નથી. આમ વાદી નં.૩ મહેન્દ્ર દોલતસંગ દારુ પીને આવી ખોટી રીતના પ્રતિવાદીની જમીન ઉપર ઉત્તર દક્ષિણ જમીનમા ઘુસી જવુ છે. જે ગેરકાયદેસર ખોટી રીતના બીજાની જમીનમા ઘુસી જવુ છે. જેથી કોઇ પ્રાયમાફેસી કેસ નથી કે કોઇ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ નથી. જેથી પેરા–૩ ની હકીકત ખોટી છે. જે કબુલ મંજુર નથી. વાદીને કોઇ કામચલાઉ મનાઇ હુકમ મળી શકે તેમ નથી. જેથી વાદીની મનાઇ હુકમની અરજી રદ કરશોજી. કોઇ દાદ મળી શકે તેમ નથી.

(૬)પેરા ૪ ની હકીકત ખોટી છે. પેરા ૪ મા વાદીને કોઇ કારણ ઉત્પન્ન થયુ નથી. કારણકે તારીખ ૧૫/૪/૨૦૧૫ ના રોજ ઉત્પન્ન થયુ છે. જેની રીસ રાખી મનાઇ અરજી દાખલ કરી છે. જે અમે પ્રતિવાદી નં.૧,૨ ને કબુલ મંજુર નથી.

(૭)વાદીના પેરા–૬ મા વાદી જણાવે છે તેવી કોઇ દાદ મેળવવા અધિકાર નથી. જે અમો પ્રતિવાદી નં.૧,૨ ને કબુલ મંજુર નથી. જે દાદ ચાલી શકે તેમ નથી. જે કોઇ મનાઇ હુકમ વાદીને મળી શકે તેમ નથી. વાદીના વાસણાના ખાતા નં.૭૬ બ્લોક નં.૪૨૭ વાળી જમીન જે ૦.૯૪.૪૯ ની જમીન વાદીએ સેજલબેનને વેચાણ કરેલ છે. જે જમીન એમ.પી.વાળાને જમીન ખેડવા આપેલ છે. આમ વાદીની જમીન વેચાણ થયેલી છે. પરંતુ ગામના નમુના નં.૭/૧૨ ઉપર વાદીઓનુ ફકત ફોર્મલ નામ ચાલે છે. જેથી જેના સહારાના આધારે બોર્ડર ઉપર અમો પ્રતિવાદીની જમીનમા ઘુસી જવુ છે. ખેતી કરવી છે. જે અમો પ્રતિવાદી નં.૧,૨ તથા કુટુંબને મંજુર નથી. જેથી કોઇ દાદ વાદીને મળી શકે તેમ નથી. સદર કામે સેજલબેન તથા એમ.પી. વાળા નામદાર કોર્ટમા આવી જણાવે તો જમીન નકકી થઇ શકે તેમ છે. જેથી વાદીની કોઇ

જમીન આવેલ નથી. તેવો કોઈ હકક હીસ્સો વાદીને પ્રવેશ કરવાનુ વિગેરે અંગે કોઈ દાદ મેળવવા કોઈ અધિકાર નથી. જે અમો પ્રતિવાદી નં.૧,૨ ને કબુલ મંજુર નથી. જેથી વાદીને કોઈ મનાઈ હુકમ મળી શકે તેમ નથી. અમો પ્રતિવાદી નં.૧,૨ ને કબુલ મંજુર નથી. અમો પ્રતિવાદી નં.૧,૨ ને ન્યાયની હર કોઈ દાદ અપાવશોજી. તથા વાદીના લીધે અમો પ્રતિવાદી નં.૧,૨ ને સદર દાવાનો જવાબ એડવોકેટ ફી તથા ખોટા ખર્ચમા વાદીએ ઉતારેલા હોઈ જેથી અમો પ્રતિવાદી નં.૧,૨ ને સદર ખર્ચ વાદી પાસેથી અપાવશોજી. તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી વિશેષ દાદ અમો પ્રતિવાદી નં.૧,૨ ને અપાવશોજી. "**તેવુ જણાવેલ છે**.

**આ અરજી ના સમર્થનમાં વાદીતર્ફે નિચે મુજબના દસ્તાવેજો આંક ૩ ના લીષ્ટ થી રજુ કરેલ છે.રજુ કરેલ છે**.

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | ખાતા નં.૭૬ ની ગામના નમુના નં.૮–અ ની સર્ટીફાઈડ નકલ. |
| ૨. | બ્લોક નં.૪૨૭ ની ગામ નમુના નં. ૭ x ૧૨ ની સર્ટીફાઈડ નકલ. |

**પ્રતીવાદીયો તર્ફે કોઇ દસ્તાવેજો આંક ૧૦ ના લીષ્ટથિ રજુ કરેલ છે**.

૧. વાસણાના ગામ નુમના નં.૮ અ બ્લોક નંબર ૪૨૮ ખાતા ૨૧૨ ની નકલ અસલ રજુ.

૨. આક–૫ દાખલ મનાઈ અરજીની નકલ રજુ હુકમ ૨૪/૮/૨૦૧૫.

૩. ડી.એસ.પી.સાહેબશ્રી ભરુચને જે તે વખતે ફરીયાદ કરેલ જેની કોપી.

૪. ડીસ્ટ્રીકટ સર્વે.ભરુચની નકલની કોપી.

૫. મહેસુલની પાવતીની નકલ.

**આ અરજી લગત વાદી તર્ફે કોઇ દલીલો કરેલ નથી જેથિ વાદીણો દલીલ નો હક બંધ કરવામાં આવેલ છે**.

**સામાપક્ષે પ્રતીવાદી તર્ફે વી.વ.શ્રી એમ.એમ.,શાહે દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી**

દલીલો કરેલ છે કે,વાદીએ હાલ જે દાવો કરેલ છે તે કોટો દાવો કરેલ છે વાદીએ પુરતા પક્ષકાર જોટેલ નથિ .વાદીએ તેમની સર્વે નં.૪૨૭ ની જમીન વેચી દીધેલ છે પરંતુ ટુકડા ધારાની જોગવાઇ નો બાધ નડતો હોય જેથિ વેચાણ દસ્તાવેજ થયેલ નથિ.આ કામના વાદી સામે હાલના પ્રતીવાદીએ રે.મુ.નં.૭૮/૨૦૧૫ નો દાવો કરેલો જેમાં હાલના દાવાના પ્રતીવાદી જે તે દાવાના વાદી હતા તેમની તરફેણમાં મનાઇ હુકમ આવેલ છે.વાદી ખરેખર પ્રતીવાદીને ધમકી આપે છે.તેમ છતા ખોટી હકીકતો જણાવી દાવો કરેલ છે તેમ જણાવી દાવો રદ કરવા અરજ ગુજારેલ છે.

અરજી જવાબ અને રજુ થયેલ દસ્તાવેજો અને બન્ને પક્ષ ના વી.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતા આ અરજી ના નીર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

મુદ્દા નં.(૧) શું વાદીયોનો પ્રથમ દર્શનીય કેશ છે ?

મુદ્દા નં.(૨) શું બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીયોના લાભમાં છે ?

મુદ્દા નં.(3) શું માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં નઆવેતો વાદિને નાણા થી ભરપાઇ નથઇ શકે તેવુ નુકશાન જાય તેમ છે ?

મુદ્દા નં.(૪) આખરી શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દા અંગે ના મારા નીર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નંબર(૧)હકારમાં

મુદ્દા નંબર(૨)હકારમાં

મુદ્દા નંબર(3)હકારમાં

મુદ્દા નંબર(૪)આખરી હુકમ મુજબ

નીર્ણય અંગેના કારણો;

મુદ્દા નં.૧ થી ૩

ઉપરોક્ત મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી પુનરાવર્તન ટાળવા ત્રણે મુદ્દા ની એકીસાથે ચર્ચા કરુ છું.

એતો નીર્વીવાદ હકીકત છે કે આંક ૫ નીર્ણય ના તબક્કે કોઇપણ દસ્તાવેજ નો તલસ્પર્શી અભ્યાસ કરવાનો હોતો નથી પરંતુ રજુ થયેલ દસ્તાવેજો ઉપરથી વાદીયોનો પ્રથમ દર્શનીય કેશ છે કે કેમ ?અને બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીયોના લાભ માં છે કે કેમ ?અને માંગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીયોને નાણાથી ભરપાઇ નથઇ શકે તેવુ નુકશાન જાય તેમ છે કે કેમ? તેટલો નીર્ણય કરવા પુરતો દસ્તાવેજો નો અભ્યાસ કરવાનો રહે છે અને જ્યારે જાહેર હીત નો મુદ્દો હોય ત્યારે એક વધારાની એ બાબત દ્યાને લેવાની રહે છે કે ખાનગી હીત કરતા જાહેર હીતને પ્રાધાન્ય આપવુ જોઇયે અને તેટલા પુરતો દસ્તાવેજો નો અભ્યાસ કરવામાં આવેલ છે.

આ કામે વાદી એવી હકીકત લઇને અદાલત સમક્ષ આવેલ છે કે ,મોજે વાસણા ખાતે તેઓની સર્વે નં.૪૨૭ ની જમીન આવેલી છે.જેની બાજુમાં પ્રતીવાદીની સર્વે નં.૪૨૮ ની જમીન આવેલી છે .અને પ્રતીવાદી વાદીના સર્વે નં.ની જમીનમાં ઘુસી જવાની ધમકી આપ્યા કરે છે જેથિ હાલનો દાવો કરેલ હોવાનુ જણાવેલ છે.

પ્રતીવાદીનો જવાબ જોતા તેમા તેઓએ વાદીએ તેમની જમીન વેચી દીધેલ છે પરંતુ ટુકડાધારા નો ભંગ થતો હોવાના કારણે દસ્તાવેજ થયેલો નથી તેવી તકરાર ઉઠાવેલ છે.

આ કામે વાદી તર્ફે જે ની.૩/૧ અને ૩/૨ થિ રેવન્યુ રેકર્ડ રજુ થયેલ છે તે જોતા વાદી તકરારી સર્વે નં.૪૨૭ ના માલિક હોય તેવુ જણાય છે .પ્રતીવાદીના દસ્તાવેજ જોતા તેમાં પ્રતીવાદીએ વાદીએ જમીન વેચી દીધેલ છે તેવુ બતાવતો કોઇજ દસ્તાવેજ રજુ કરેલ નથિ એટલુજ નહી પ્રતીવાદી તર્ફે ની.૧૦/૨ થી રે.મુ.નં.૭૮/૨૦૧૫ ના દાવાની આંક ૫ ના હુકમની નકલઇ રજુ કરેલ છે જે જોતા હાલના પ્રતીવાદી તે દાવામાં વાદી છે અને તેમાં તેઓએ પોતે પણ સર્વે નં.૪૨૭ ના માલીક મહેન્દ્ર દોલતસંગ એટલે કે હાલના દાવાના વાદી નં.૪ હોવાનુ જણાવેલ છે જે જોતા હાલના પ્રતીવાદીએ પોતે જે દાવો કરેલ છે તેમાં પણ સર્વે નં.૪૨૭ ના માલિખ હાલના વાદી હોવાનુ કબુલેલ છે અને પ્રતીવાદીનુ કથન જોતા તેઓ સર્વે નં.૪૨૭ ના માલીક હોય કે

તેઓએ તે જમીન વેચાણ રાખેલ હોય તેવુ કોઇ કથન નથિ જેથિ પ્રતીવાદીને વાદીના સર્વે નં.૪૨૭ માં કોઇ લેવાદેવા નથિ તેમ છતા જો પ્રતીવાદી તે સર્વે નં.૪૨૭ માં ખેતી કરતા વાદીને અટકાવે તો વાદીને ખુબજ નુકશાન વેઠવુ પડે તેમજ વાદીની રોજી રોટીના પ્રશ્નો ઊભા થાય તે સંજોગોમાં વાદીને કામચાઉ મનાઇ હુકમ આપવો ન્યાયોચીત જણાય છે તે સંજોગોમાં વાદીયોનો પ્રથમ દર્સનીય કેસ હોય તેવુ જણાતુ નથી અને જ્યારે વાદીયોનો કોઇ પ્રથમ દર્સનીય કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીયન્સ અને ઇરીપરેબલ લોસનો મુદ્દો વાદીયોની તરફેણમાં છે તેવા તારણ ઉપર હું આવું છું અને તે સંજોગોમાં મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ હું હકારમાં આપુ છું અને મુદ્દા નં.૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું .

હુકમ

વાદીયોની આંક ૫ ની કામચલાઉ મનાઇ હુકમની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

મોજે વાસણા ના સર્વે નં.૪૨૭ ખાતા નં.૭૬ વાળિ દાવાવાળી જમીનમાં વાદીયોને ખેતી કરી પાક ઉપજ લેતા પ્રતીવાદીયોએ કોઇ પણ રીતે અવરોધ કરવો કરાવવો નહી તેવો કામ ચલાઉ મનાઇ હુકમ વાદીયોની તરફેણમાં અને પ્રતીવાદીયોની વીરુધ્ધમાં દાવાના આખરી નીકાલ સુધી ફરમાવું છું.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૨૨માહે માર્ચ સને ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૨/૩/૨૦૧૬

અરફાત એ.વાયડા

પ્રીન્સીપાલ સીવીલ જજ

આમોદ

કોડ નં.જીજે૦૦૯૮૬